અપીલ અરજી નં.૪૭૫ તા.૧૯–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી હિતેન્દ્ર કંચનલાલ ભુતવાલા
સામાવાળાઃ– (૧)એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન)
(૨)ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)
(૩)સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી(લીંબાયતઝોન),(આરડીડી)
(૪) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)
(૫) ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ)
(૬) ઈ.ચા.કાર્યપાલક ઈજનેરઅને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિતેન્દ્ર કંચનલાલ ભુતવાલાની તા. ૨૩–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧)સેન્ટ્રલઝોનમાં ફરજ બજાવતાં ઝોનલચીફ મોહનભાઈ દારૂવાલા કઈ સાલથી ફરજ ઉપર હાજર થયા તેની માહિતી (૨) ઝોનલચીફ મોહનભાઈ દારૂવાલાને કેટલીવાર કઈ કઈ સાલમાં પ્રમોશન મળ્યા તેની માહિતી વિ. મુદ્દા નં.(૧)થી (૭)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૯–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૭૫/૨૦૧૧–૧૨

શ્રી હિતેન્દ્ર કંચનલાલ ભુતવાલાની તા. ૨૩–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સેન્ટ્રલઝોનમાં ફરજ બજાવતાં ઝોનલચીફ મોહનભાઈ દારૂવાલા કઈ સાલથી ફરજ ઉપર હાજર થયા તેની માહિતી (૨) ઝોનલચીફ મોહનભાઈ દારૂવાલાને કેટલીવાર કઈ કઈ સાલમાં પ્રમોશન મળ્યા તેની માહિતી વિ. મુદ્દા નં. (૧) થી (૭)ની માહિતી આપવા બાબતે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ) ના પત્ર નં. ઓટો વર્કશોપ / આઉટ વર્ડ નં. / ૭૯૪ તા. ૦૭–૧૨–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ /૧૩૩૨ તા.૨૯–૧૨–૧૧ થી (૧)એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન)(૨)ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) (૩)સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી(લીંબાયતઝોન),(આરડીડી) (૪)એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન) (૫) ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ) (૬) ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ) તથા અરજદારને મુળ અરજીથી તબદીલ થયેલ બધા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મળ્યા બાદ મુદ્દાવાર–જાહેર માહિતી અધિકારી દીઠ નારાજગી સ્પષ્ટ કરવા સાથે ઈ.ચા.કા.ઈ. અને જાહેર માહિતી અધિકારી (આર.ડી.ડી.)ના તા. ૧૪–૧૨–૧૧ના પત્ર અન્વયે તપાસણી કરી માહિતી મેળવેલ છે કે કેમ ? તે પછી કોઈ નારાજગી હોઈ તો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી (આરડીડી) ના પત્ર નં.આરડીડી/આ./૬૭૮ તા.૫–૧–૧૨ થી અરજદારને પત્ર નં.આરડીડી/આ./૬૦૧ તા.૧૪–૧૨–૧૧ થી સમય અવધિમાં પાઠવેલ પ્રત્યુત્તરની નકલ, ફી ની વિગત, અરજદારની મુળ અરજીની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૯૦૩ તા.૫–૧–૧૨ થી સેન્ટ્રલ ઝોન તરફથી સમય અવધિના બીજા દિવસે તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૮૫૫ તા.૨૧–૧૨–૧૧ થી મુદ્દા નં.૭ ની આપેલ માહિતીની નકલ,અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી (વર્કશોપ) તરફથી પત્ર નં.વર્કશોપ/૯૦૦ તા.૭–૧–૧૨ થી અરજદારને પત્ર નં.વર્કશોપ/૭૯૪ તા.૭–૧૨–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, તબદીલી પત્રની નકલ ,મુળ અરજીની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.૬૭૬ તા.૬–૧–૧૨ થી નોંધ વિભાગ, તબદીલી પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૬૭૬ તા.૧૯–૧૨–૧૧ થી આપેલ માહિતી ની નકલ,જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તરફથી પત્ર નં.સા.ઝોન/મહેકમ/આ. ૨૦૨૬ તા.૧૦–૧–૧૨ થી નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૧૮૭૪ તા.૧૫–૧૨–૧૧ થી આપેલ જવાબની નકલ, અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તરફથી કોઈ પુરક માહિતી અત્રે મળેલ નથી. તથા અરજદાર તરફથી કોઈ પુરક વિગત અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૩–૧૧–૧૧ થી અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોનના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૫૮૪ તા.૨૮–૧૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર શ્રી વેસ્ટઝોન, આરડીડી, વર્કશોપ, હાઉસીંગ, ઈસ્ટઝોન, ઉધનાઝોન, લિંબાયતઝોન, તથા પર્સનલ ઓફિસરશ્રી (મધ્યસ્થ મહેકમ) ને તબદીલ કરવામાં આવેલ. જે અંગે અરજદારની અરજીમાં મુદ્દા નં.૧ સેન્ટ્રલ ઝોનમાં ફરજ બજાવતા ઝોનલ ચીફ મોહનભાઈ દારૂવાલા કઈ સાલથી ફરજ ઉપર હાજર થયા તેની માહિતી. મુદ્દા નં.૨ ઝોનલ ચીફ મોહનભાઈ દારૂવાલાને કેટલી વાર કઈ કઈ સાલમાં પ્રમોશન મળ્યા તેની માહિતી. મુદ્દા નં.૩ તેમણે એટલે કે મોહનભાઈ દારૂવાલાએ તેમની કારકીર્દીની શરૂઆત સુરત મહાનગરપાલિકામાં કઈ સાલથી અને કઈ પોસ્ટથી કરી હતી. તેની માહિતી. મુદ્દા નં.૪ ઝોનલ ચીફની પોસ્ટ માટેની શૈક્ષણિક લાયકાત કેટલી હોવી જોઈએ તેની સંપૂર્ણ માહિતી. મુદા નં.૫ એસ.એમ.સી. માં ફરજ બજાવતા ઝોનલ ચીફ મોહનભાઈ દારૂવાલાની શૈક્ષણીક લાયકાતો કેટલી છે તેમના શૈક્ષણીક પુરાવાઓની સર્ટીફાઈડ નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હાઉસીંગના પત્ર નં.હાઉસીંગ/આ.૬૩૧ તા.૨–૧૨–૧૧ થી મુદ્દા નં.૧ થી ૫ સંપુર્ણ માહિતી સદર જાહેર માહિતી અધિકારીના ક્ષેત્રમાં આવતી નથી તેવુ જણાવેલ છે.

મુદ્દા નં.૬ ઝોનલ ચીફ મોહનભાઈ દારૂવાલા ફરજની કારકીર્દી દરમ્યાન કેટલીવાર સસ્પેન્ડ થયા? કેટલીવાર ફરજ ભંગ સંદર્ભમાં મેમો મળ્યો તેની સંપુર્ણ સર્ટીફાઈડ પુરાવાઓ સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હાઉસીંગના પત્ર નં.હાઉસીંગ/આ.૬૩૧ તા.૨–૧૨–૧૧ થી ઝોનલ ચીફશ્રી મોહનભાઈ દારૂવાલા તા.૨૯–૪–૦૫ થી તા.૨૯–૪–૦૮ દરમ્યાન હાઉસીંગ વિભાગમાં હાઉસીંગ ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા જેઓ ફરજ દરમ્યાન સસ્પેન્ડ થયેલ હોય કે ફરજ ભંગ સંદર્ભમાં મેમો મળ્યો હોય તે ઉપલબ્ધ રેકોર્ડમાં કશું જણાતુ નથી. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૭ સુરત મહાનગરપાલિકાના કોઈ અધિકારીએ અથવા કોઈ નાગરીકે ઝોનલ ચીફ મોહનભાઈ દારૂવાલા વિરૂધ્ધ ફરજ ભંગ અથવા અન્ય કિસ્સામાં ફરીયાદ દાવો કર્યો હોય તેની સંપૂર્ણ સર્ટીફાઈડ પુરાવા સહિતની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોનના પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૮૫૫ તા.૨૧–૧૨–૧૧ થી સુરત મહાનગરપાલિકાનાં કોઈ અધિકારીએ અથવા કોઈ નાગરીકે ઝોનલ ચીફ મોહનભાઈ દારૂવાલા વિરૂધ્ધ ફરજ ભંગ અથવા અન્ય કિસ્સામાં ફરીયાદ દાવો કર્યો હોવાની માહિતી વેસ્ટઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવુ સમય અવધિમાં જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૬૭૬ તા.૧૯–૧૨–૧૧ થી ઝોનલ ચીફ મોહનભાઈ દારૂવાલાના પૂર્વઝોન (વરાછા) ના કાર્યકાળ દરમ્યાનનો વરાછાઝોનના ઉપલબ્ધ રેકર્ડ તપાસતા તેઓના વિરૂધ્ધ કોઈ અધિકારીએ અથવા કોઈ નાગરીકે કોઈ કિસ્સામાં ફરીયાદ દાવો કર્યો હોય તેવુ માલમ પડેલ નથી. તેવુ સમય અવધિમાં જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સાઉથઝોન (ઉધના) ના પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૧૮૭૪ તા.૧૫–૧૨–૧૧ થી સાઉથ ઝોન (ઉધના) માં શ્રી મોહનભાઈ ડી. દારૂવાલા તા.૨૫–૪–૧૯૯૪ થી તા.૩૦–૬–૧૯૯૮ સુધી ઝોનલ ઓફિસર તરીકે ફરજ બજાવેલ છે. સદર સમયગાળા દરમ્યાન કોઈ અધિકારી અથવા કોઈ નાગરીકે ફરીયાદ ન કરેલ હોવાનું માલમ પડેલ છે. તેવુ સમય અવધિમાં જણાવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી હાઉસીંગના પત્ર નં.હાઉસીંગ/આ. ૬૩૧ તા.૨–૧૨–૧૧થી ઝોનલ ચીફ શ્રી મોહનભાઈ દારૂવાલા તેમણે માંગેલ માહિતી અનુસાર હાઉસીંગના ઉપલબ્ધ રેકર્ડ પર કશું જણાતુ નથી. તેવુ જણાવેલ.

મુદ્દા નં.૧ થી ૭ પૈકી જાહેર માહિતી અધિકારી (આરડીડી) ના પત્ર નં.આરડીડી/આ./૬૦૧ તા.૧૪–૧૨–૧૧ થી મુદ્દા નં.૧ થી ૫ અંગે રોડ ડેવલપમેન્ટ વિભાગમાં પગાર મેળવી અને સેન્ટ્રલઝોનના ઝોનલ ચીફ તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી મોહનભાઈ ડી. દારૂવાલાની સેવાપોથી અત્રેની કચેરીએ રહેતી હોય, અને તેમાં જણાવેલ માહિતી તમો રૂબરૂ પ્રત્યક્ષ આવી જોઈ જવા તથા તેમાંથી આપને જે માહિતી જોઈતી હોય તે માહિતી માટે પ્રતિ પેજના (ઝેરોક્ષ કોપી) રૂા. ૨/– લેખે થતા નાણાં કોર્પોરેશનમાં જમા કરાવી તેની રસીદની નકલ આરડીડી ખાતામાં જમાં આપ્યેથી દિન–૫ માં માહિતી મળી રહેશે. તેવુ જણાવેલ. જેના અનુસંધાને અરજદાર કે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી.

મુદ્દા નં.૧થી ૭ અંગે જાહેર માહિતી અધિકારી વર્કશોપના પત્ર નં.ઓટો વર્કશોપ /આ.૭૯૪ તા.૭–૧૨–૧૧ થી અરજીમાં જણાવેલ મુદ્દા નં.૧ થી ૭ મ્યુ.વર્કશોપ વિભાગને લાગુ પડતા નથી તેમજ તે અંગેની માહિતી વર્કશોપ ખાતે ઉપલબ્ધ નથી. તેવુ સમય અવધિમાં જણાવેલ.

જે અંગે અરજદારે ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ) ના પત્ર નં. ઓટો વર્કશોપ / આઉટ વર્ડ નં. / ૭૯ ૪ તા. ૦૭–૧૨–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા. ૧૯–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારને અપીલ તબકકે પત્ર નં.આરટીઆઈ સેલ /૧૩૩૨ તા.૨૯–૧૨–૧૧ થી મુળ અરજીથી તબદીલ થયેલ બધા જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી મળ્યા બાદ મુદ્દાવાર–જાહેર માહિતી અધિકારી દીઠ નારાજગી સ્પષ્ટ કરવા સાથે ઈ.ચા.કા.ઈ. અને જાહેર માહિતી અધિકારી (આર.ડી.ડી.)ના તા. ૧૪–૧૨–૧૧ના પત્ર અન્વયે તપાસણી કરી માહિતી મેળવેલ છે કે કેમ ? તે પછી કોઈ નારાજગી હોઈ તો આધાર સહ સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ પરંતુ અરજદાર તરફથી તે અંગે કોઈ પુરક વિગતો રજુ કરેલ નથી. તેમજ અપીલમાં કઈ બાબતની નારાજગી છે તે અંગે પણ કોઈ રજુઆત કરેલ નથી. વધુમાં વર્કશોપમાં જાહેર માહિતી અધિકારીએ લાગુ પડતુ નથી તેથી તેમજ તે અંગેની માહિતી ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે. તેવી જ રીતે જાહેર માહિતી હાઉસીંગ તરફથી પણ મુદ્દા નં.૧ થી ૫ લાગત જાહેર માહિતી અધિકારીના અધિકારી ક્ષેત્રમાં આવતુ ન હોવાનું તથા મુદ્દા નં.૬ અને ૭ ની માહિતી પુરી પાડેલ છે. તેમજ જાહેર માહિતી અધિકારી રોડ વિભાગ અંગે જાહેર માહિતી અધિકારીએ કરેલા પ્રસ્તાવ મુજબ અજદાર ઈચ્છુક હોય તો પ્રત્યક્ષ તપાસણી કરી નિયમ મુજબ ફી ભરપાઈ કરી નકલો મેળવવા જણાવેલ છે. જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો તેવી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૧–૧૧–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી લાગત જાહેર માહિતી અધિકારીઓ તરફથી પુરી પાડવામાં આવેલ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી રોડ વિભાગના આપેલ માહિતીમાં કરેલા પ્રસ્તાવ મુજબ અજદાર ઈચ્છુક હોય તો પ્રત્યક્ષ તપાસણી કરી આરટીઆઈ એકટની કલમ ૭(૩) અને નિયમ–૫ હેઠળ નિયમ મુજબ ફી ભરપાઈ કરી નકલો મેળવવા સ્વતંત્ર છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,

(૧) (૧)એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન)/(૨)ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)/ (૩)સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી(લીંબાયતઝોન),(આરડીડી)/ (૪) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)/(૫) ઈ.ચા.કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વર્કશોપ) / (૬) ઈ.ચા.કાર્યપાલક ઈજનેરઅને જાહેર માહિતી અધિકારી (હાઉસીંગ)....જાણ તથા અમલ માટે

(૨) શ્રી હિતેન્દ્ર કંચનલાલ ભુતવાલા